# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-01-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, છેલ્લા એક દાયકામાં ફિનટેક ક્રાંતિને કારણે દેશમાં નાણાકીય પ્રવૃતિ ડિઝિટલાઇઝ થઈ છે

2) આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે ગુજરાત મેડિકલ ટુરિઝમ અને મેડિકલ વેલ્યુ ટ્રાવેલ માટે મહત્વના કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે

3) ગુજરાતના શ્રદ્ધાળુઓને તમામ સેવા-સુવિધા પૂરી પાડવા માટે મહાકુંભમાં ‘ગુજરાત પેવિલિયન’ બનાવામાં આવ્યું.

4) અમદાવાદની સહકારી બેન્કના મેનેજર વિરુદ્ધ અઢી કરોડ રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ

5) આગામી 48 કલાકમાં રાજ્યમાં લઘુત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો વધારો થવાની હવામાન વિભાગની આગાહી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM GIFT GANDHINAGAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, પાછલા એક દશકમાં દેશમાં સૌએ ફિન્ટેક ક્રાંતિનો અનુભવ કર્યો છે. જેના પરિણામે દેશમાં નાણાકીય પ્રવૃતિઓ ડિજિટલાઈઝડ થઈ ગઈ છે. ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતે સ્ટાર્ટઅપ માટેના એક નવતર અભિગમ રૂપે ગિફ્ટ ઇન્ટરનેશનલ ફિન્ટેક ઇન્સ્ટિટ્યૂટ અને ઇનોવેશન હબનું ઉદ્ઘાટન કરતાં મુખ્યમંત્રીએ આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

દરમિયાન ગિફ્ટ સિટીના અધ્યક્ષ ડૉક્ટર હસમુખ અઢિયાએ કહ્યું કે, નાણાકીય તકનિકી ક્ષેત્રમાં તાલીમ અને ઉદ્યમીઓને યોગ્ય સહયોગ મળી રહે તે માટે ઇનોવેશન હબની ગુજરાતમાં જરૂરિયાત હતી. આ ઉદ્ઘાટન સત્રમાં નાણાકીય તકનિકી ક્ષેત્રના અગ્રણી, યુવા ઉદ્યમીઓ અને વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા.

. . . . . . . . . . . . .

# Rhishikesh Patel Medical Tourism

ગુજરાત મેડિકલ ટુરિઝમ અને મેડિકલ વેલ્યુ ટ્રાવેલ માટે એક કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે, રાજ્યના મેડિકલ ટુરીઝમ ઉદ્યોગનો  વાર્ષિક ૩૦ ટકાના દરે વિકાસ થયો છે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે, અમદાવાદ સિવિલ મેડિસીટીની યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ખાતે આયોજીત 'ગ્લોબલ હેલ્થ-ટ્રાન્સફોર્મિંગ લાઈવ્સ બિયોન્ડ હોરાઈઝન્સ' કાર્યક્રમમાં સંબોધન કરતાં આ મુજબ જણાવ્યું હતું.

ગુજરાતના મેડિકલ ટુરીઝમ અંગે વાત કરતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, ગુજરાત રાજ્ય ભારતના  મેડિકલ ટુરીઝમ ક્ષેત્રમાં ૨૫-૩૧ ટકા યોગદાન આપે છે.

(બાઇટ -- ઋષિકેશ પટેલ)

૧૬થી વધુ દેશ અને ભારતના ૧૪ રાજ્યોના ડેલિગેશન આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

. . . . . . . . . . . . .

# Gujrat Pevallion

રાજ્ય સરકારે પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભમાં ગુજરાતના શ્રદ્ધાળુઓને તમામ સેવા-સુવિધા પૂરી પાડવા માટે ‘ગુજરાત પેવિલિયન’ બનાવ્યું છે. ૨૬ ફેબ્રુઆરી સુધી મહાકુંભમાં આવનારાં રાજ્યનાં શ્રદ્ધાળુઓને માર્ગદર્શન તથા મહાકુંભને લગતી તમામ માહિતી સરળતાથી મળી રહે તે હેતુસર ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ૨૪ કલાક કાર્યરત હેલ્પ ડેસ્કની સેવા ઉપલબ્ધ કરવામાં આવી છે, જેનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૮૦-૫૬૦૦ છે.

ઉપરાંત, રાજ્યની ગ્રામિણ મહિલાઓ સ્વાવલંબી અને આત્મનિર્ભર બને તે હેતુથી અહીં ૧૦ સ્ટોલ રાખવામાં આવ્યા છે. તેમજ રાજ્યના વૈવિધ્યસભર હસ્તકલાના ૧૫ જેટલા સ્ટોલ પણ બનાવવામાં આવ્યાં છે.

. . . . . . . . . . . . .

# HOME SECRETARY NFSU VISIT

કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન, સંયુક્ત સચિવ પ્રશાંત લોખંડે અને અનિલ સુબ્રમણ્યમે ગાંધીનગરની નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. તેમણે કુલપતિ ડૉક્ટર જે.એમ.વ્યાસ સાથે ફોરેન્સિક વિજ્ઞાનમાં પ્રગતિ અને રાષ્ટ્રીય સુરક્ષા સહિતના વિષયો પર NFSUની ભૂમિકા વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.

દરમિયાન તેઓએ NFSU દ્વારા ડિઝાઇન કરાયેલી મોબાઇલ ફોરેન્સિક વાન, સાયબર કિઓસ્ક, NDPS ડ્રગ ટેસ્ટિંગ કીટ સહિતના સ્વદેશી ઉપકરણોનું અવલોકન કર્યું હતું.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# AHM BANK FRUAD

અમદાવાદના નવરંગપુરામાં અમરનાથ કો-ઓપરેટિવ બેન્કના મેનેજરે અઢી કરોડ રૂપિયાનું કૌભાંડ કરતા છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે.

બેન્કના મેનેજરે સત્તાનો દુરુપયોગ કરીને માત્ર પાંચ જ મહિનામાં અઢી કરોડની રકમ પોતાના ખાતામાં જમા કરી દીધી હતી. ગત નવેમ્બર મહિનામાં બેંકના ઓડિટ દરમિયાન કેટલીક શંકાસ્પદ નોંધ જણાતા સમગ્ર કૌભાંડ સામે આવ્યું હતું. આ મામલે ગુના શાખાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . . .

# Rajkot Mahanagarpalika

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિઝીટર મેનેજમેન્ટ સિસ્ટમ શરૂ કરવામાં આવી છે . અરજદારોને કામ માટેમહાનગરપાલિકાના ધક્કા ન ખાવા પડે તે માટે નવતર પ્રયોગ હાથ ધરાયો છે. રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ આ અંગે વધુ માહિતી આપી હતી.

(બાઈટ - તુષાર સુમેરા, મ્યુનિસિપલ કમિશનર, રાજકોટ)

. . . . . . . . . . . . .

# Ambaji Shaktipith Parikrama Mahotsav

શક્તિપીઠ અંબાજી ખાતે આગામી ૯ થી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન ત્રણ દિવસીય 'શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૫'નું આયોજન કરાશે.

આ મહોત્સવના આયોજન તથા વ્યવસ્થાઓના ભાગરૂપે જિલ્લા કલેકટર મિહિર પટેલના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઇ હતી. કલેકટર શ્રીએ વિવિધ વિભાગોને સોંપવામાં આવેલી કામગીરી અંગે સમીક્ષા તથા જરૂરી સૂચનો કર્યા હતા. જેમાં ૫૦૦ થી વધુ બસનું સંચાલન, સ્વચ્છતા જળવાય, પાણી અને પાર્કિંગની વ્યવસ્થા, પ્રચાર પ્રસાર વગેરે બાબતે ચર્ચા કરાઈ હતી.

આ પરિક્રમા મહોત્સવની વ્યવસ્થા જાળવવા માટે અલગ અલગ સમિતિઓ બનાવવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# WEATHER

આગામી 48 કલાકમાં લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાથી ઠંડીમાંથી આંશિક રાહત મળશે. હાલમાં રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે તાપમાનમાં વધારો થવાની સંભાવના છે પરંતુ પવનની ગતિ હજુ પણ ઝડપી રહેશે. દરમિયાન છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં સૌથી ઓછું નલિયામાં 6 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

આ ઉપરાંત અન્ય 4 મહાનગરમાં લઘુત્તમ તાપમાન માં 1-2 ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે. અમદાવાદમાં 13.7 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

(બાઇટ : એ.કે.દાસ, નિયામક, હવામાન વિભાગ)

. . . . . . . . . . . . .

# Navsari  Prakrutik Krushi Parisavaad

નવસારીના જલાલપોર તાલુકાના મરોલી ખાતે આવતીકાલે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાશે.

નવસારીથી અમારાં પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે, કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ આ એક દિવસીય પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં હાજરી આપશે. ઉપરાંત આસપાસના ગામોના ૪૦૦ થી વધારે ખેડૂતો પણ ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . .

# GANDHINAGAR ROAD SAFETY

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઇકાલે વડનગરથી 45 દિવસના માર્ગ સલામતી અભિયાનની શરૂઆત કરાવી હતી. જે અંતર્ગત આજે ગાંધીનગર નવા સચિવાલય પાસે હેલ્મેટ અને સીટ બેલ્ટની ખાસ ઝુંબેશ શરૂ કરાઇ છે. જેમાં હેલ્મેટ પહેર્યા વિના પ્રવેશ કરતા કર્મચારીઓને 500 રૂપિયાનો દંડ કરાયો છે. 45 દિવસ સુધી ચાલનારી આ ઝુંબેશમાં નિયમનું પાલન ન કરતા સરકારી કર્મચારીઓ સામે કાર્યવાહી થઈ શકે છે.

. . . . . . . . . . . . .

# JAMNAGAR PARIKSHA PE CHARCHA

પ્રધાનમંત્રીના ‘પરીક્ષા પે ચર્ચા’ કાર્યક્રમ પહેલા વિવિધ મુદ્દા પર સામૂહિક ચર્ચા કરવા માટે ગુજરાતમાંથી ૩ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. જેમાં જામનગરની જી.એસ.મહેતા મ્યુનિસિપલ કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીએ મુંબઈમાં વિવિધ નિષ્ણાંતો સાથે સામૂહિક ચર્ચામાં ભાગ લીધો હતો. આ બદલ જિલ્લા શિક્ષણ અધિકારી વિપુલ મહેતા દ્વારા વિદ્યાર્થિનીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . .

# KUTCH WATER PIPELINE

રાજ્ય સરકાર કચ્છ જિલ્લાના ટપ્પર ડેમથી દૂરના ગામડાના રિઝર્વોઇર સુધી પાઈપલાઈન નાખવાની યોજના અમલમાં મૂકશે. નાબાર્ડે આ માટે 2 હજાર 6 કરોડ રૂપિયાની સહાય મંજૂર કરી છે. આ યોજનાથી 127 ગામડાના લગભગ 2 લાખ લોકોને લાભ થશે. આ સાથે 1 લાખ 57 હજાર હેક્ટર જમીનને સિંચાઈ માટે પાણી મળશે.

ઉલ્લેખનીય છે કે વર્ષ 2023-24માં અમલમાં મૂકાયેલા પ્રથમ તબક્કામાં નાબાર્ડે 3 હજાર 235 કરોડ રૂપિયાની સહાય મંજૂર કરી હતી.

. . . . . . . . . . . . .

# Madhya Gujarat Four lane Road

મધ્ય ગુજરાતને સૌરાષ્ટ્ર સાથે જોડતા આણંદ, કરમસદ, સોજીત્રા તારાપુર રોડને ૧૦ મીટર પહોળાઈથી વધારીને ચારમાર્ગીય કરવા રાજ્ય સરકારે 132 કરોડ રૂપિયા ફાળવ્યા છે.

આ યોજનામાં સ્ટ્રક્ચર વર્ક, પ્રોટેક્શન વોલ સહિતની કામગીરી પણ કરવામાં આવશે. આ રોડ બન્યા બાદ તારાપુર, પેટલાદ, સોજીત્રા તાલુકાના નાગરિકો, આણંદ જી.આઈ.ડી.સી.ના વાહનવ્યવહાર તેમજ વલ્લભ વિદ્યાનગર ખાતે અભ્યાસ માટે આવતા-જતા વિદ્યાર્થીઓને લાભ થશે

. . . . . . . . . . . . .